# કોરિયોગ્રાફર

કોરિયોગ્રાફર પ્રદર્શન અને પ્રસ્તુતિયો માટે મૂળ ડાન્સના સ્ટેપ્સ તૈયાર કરે છે અને તેનું સંયોજન તૈયાર કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક વ્યક્તિ છો
- તમને નૃત્ય કરવું ગમે છે
- તમે લોકોને શીખવવાનું અથવા તાલીમ આપવાનું પસંદ કરો છો
- તમે સ્વતંત્ર રીતે કામ કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે).

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પર્ફોર્મિંગ આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતક પૂર્ણ કરો અને પછી સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતક પૂર્ણ કરો અને પછી ડાન્સ અને પરફોર્મેટિવ આર્ટ્સમાં પી.જી. ડિપ્લોમા કરો. **અથવા**

નૃત્ય/નૃત્ય શિક્ષણ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અનુભવના આધારે એક કોરિયોગ્રાફરની માસિક આવક લગભગ **રૂ. ૫૦,૦૦૦ થી ૨,૫૦,૦૦૦** જેટલી અથવા તેથી વધુ હોય શકે છે.*

સ્રોત: bit.ly/3Y2rvtU

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સ્વ-રોજગાર, ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગ, જાહેરાત એજન્સીઓ, સમગ્ર ભારતની શાળાઓમાં.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો ડાન્સ સ્ટુડિયો શરૂ કરવાનું પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. વખતો વખત મુસાફરી કરવી પડે છે. અંશકાલિન (પાર્ટ-ટાઇમ) તેમજ કરાર આધારિત રોજગાર ઉપલબ્ધ હોઈ શકે છે. આવશ્યકતા અનુસાર કામના કલાકો કે દિવસો લવચીક હોઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઇ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી/આસિસ્ટન્ટ ફોટોગ્રાફર → ફોટોગ્રાફર, જનરલ → ડાયરેક્ટર ઓફ ફોટોગ્રાફી → ફોટોગ્રાફર હેડ → ચીફ/ જનરલ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડાન્સર, કોરિયોગ્રાફર, પર્ફોર્મિંગ આર્ટિસ્ટ, ડાન્સ ડિરેક્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**પર્ફોર્મિંગ આર્ટસ વિભાગ દ્વારા અનેકવિધ સંબંધિત અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (એમ.એસ.યુ.), વડોદરા -
૨. પોંડિચેરી યુનિવર્સિટી
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.), વારાણસી
૪. મુંબઈ યુનિવર્સિટી - મુંબઈ
૫. રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, નાગપુર
૮. પ્રો. રાજેન્દ્ર સિંહ યુનિવર્સિટી, પ્રયાગરાજ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. અરુણાચલ યુનિવર્સિટી ઓફ સ્ટડીઝ, લોહિત
૨. એલપીયુ જલંધર - લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી ૩. સીટી યુનિવર્સિટી, લુધિયાણા
૪. એમ.આઈ.ટી. એ.ડી.ટી. યુનિવર્સિટી, પુણે
૫. એમ.આઈ.ટી.-ડબલ્યુ.પી.યુ., પુણે
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. આર.એમ.આઈ.ટી. યુનિવર્સિટી, દિલ્હી
૮. સંજીવ અગ્રવાલ ગ્લોબલ યુનિવર્સિટી, ભોપાલ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સરોજ ખાન** દેશના સૌથી પ્રખ્યાત કોરિયોગ્રાફરમાંથી એક હતા. તેણીએ ત્રણ વર્ષની ઉંમરે અભિનેતા તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. કોરિયોગ્રાફર તરીકે તેણીને 'ગીતા મેરા નામ' (૧૯૭૪) ફિલ્મ થકી હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં પ્રથમ બ્રેક મળ્યો, ત્યારબાદ તેણીએ ત્રણ રાષ્ટ્રીય પુરસ્કારો, અનેક ફિલ્મફેર પુરસ્કારો અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા. તેણીએ લગભગ ૨,૦૦૦ ગીતોની કોરિયોગ્રાફી કરી, જેમાં ઘણા બોલિવૂડ ક્લાસિકનો સમાવેશ થાય છે.*

સ્રોત:https://www.nytimes.com/2020/07/03/world/asia/saroj-khan-dead.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.